# THE DEPARTMENT OF SANSKRIT

University School Of Languages, Gujarat University,
Ahmedabad, Navrangpura, Gujarat, India – 380009

# પરિચય-પુસ્તિકા

## Vedantic Science and Life Management (Integrated BS & MS)



**Course coordinator**
Dr. Atul Unagar, Department of Sanskrit
Mo. No. 89054 79781,Email : dos.gu23@gmail.com
Website : www.gujaratuniversity.ac.in

THE DEPARTMENT OF SANSKRIT

University School Of Languages, Gujarat University,

Ahmedabad, Navarangpura, Gujarat, India – 380009.

# (Integrated BS & MS)

# Vedantic Science and Life Management

# પરિચય-પુસ્તિકા

: Course Co-ordinator :

Dr. Atul Unagar, Department of Sanskrit, Gujarat University

Mo. No. 89054 79781, atulbunagar@gmail.com, abu@gujaratuniversity.ac.in

Website : www.gujaratuniversity.ac.in Email : dos.gu23@gmail.com

# • અનુક્રમણિકા •


| ક્રમ | માહિતી | પાનાં નં. |
|---|---|---|
| 1. | **પ્રાસ્તાવિક** | 4 |
| 2. | **અભ્યાસક્રમ વિષે**<br>2.1 અભ્યાસક્રમના સૈદ્ધાંતિક પાસા<br>2.2 અભ્યાસક્રમના પ્રાયોગિક ઉપક્રમો<br>2.3 અભ્યાસક્રમની સામાન્ય માહિતી | 5 |
| 3. | **અભ્યાસક્રમમાં સમાવિષ્ટ મુખ્ય વિષયો**<br>3.1 પ્રમુખ ઉપનિષદોનો જીવન-વ્યવસ્થાપનના સંદર્ભમાં અભ્યાસ<br>3.2 પ્રમુખ વેદાન્ત ગ્રંથોનો જીવન-વ્યવસ્થાપનના સંદર્ભમાં અભ્યાસ<br>3.3 ભારતના પ્રમુખ ચિંતકોના **વિચારો અને** જીવન વ્યવસ્થાપન માટેનો તેમનો દ્રષ્ટિકોણ | 10 |
| 4. | **અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિશેષ વિષયો**<br>4.1 જીવનની પ્રયોગશાળાના સોપાનો | 17 |
| 5. | **મલ્ટીડિસીપ્લીનરી વિષયો** | 22 |
| 6. | **Holishtic Thinking & Perspective Development** | 27 |
| 7. | **ભાષાશિક્ષણ અને જીવન-વિકાસ** | 29 |
| 8. | **Holistic Expertise Development** | 31 |
| 9. | **ભારતીય જ્ઞાન પરંપરા (IKS)** | 32 |
| 10. | **Choice Based Credit System** | 35 |
| 11. | **પરિશિષ્ટ** | 45 |

# 1. પ્રાસ્તાવિક :

## ❖ અર્થપૂર્ણ શિક્ષણ તરફ

**Vedantic Science and Life Management (Integrated BS & MS)** એ એક બહુવિષયક પાંચ વર્ષનો સંયુક્ત (Integrated) અભ્યાસક્રમ છે, જેમાં જીવન-વ્યવસ્થાપન સાથે સંકળાયેલા વિવિધ વિષયોનો સમાવેશ થયો છે. આ અભ્યાસક્રમ વ્યક્તિને સાર્થક અને ઉન્નત જીવન જીવવા માટે એક સ્પષ્ટ દૃષ્ટિ પ્રદાન કરે છે. આ માત્ર શૈક્ષણિક માહિતીઓનું જ્ઞાન પૂરું પાડતો અભ્યાસક્રમ નહિ, પણ વ્યક્તિગત વિકાસ અને જીવન જીવવાની કળા શીખવતો અભ્યાસક્રમ છે.

આ અભ્યાસક્રમમાં વ્યવસ્થાપન, માનસ-શાસ્ત્ર, આરોગ્ય-શિક્ષણ, આધ્યાત્મિક-શિક્ષણ, ભાષા-શિક્ષણ, વ્યવસાયિક-શિક્ષણ અને સામાજિક-વિજ્ઞાન જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ અભ્યાસક્રમ વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસને ઉન્નત બનાવવાની સાથે સાથે સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે પણ મહત્ત્વપૂર્ણ છે.

આજના ભૌતિકવાદી યુગમાં શિક્ષણનું ધ્યેય માત્ર પદ, પૈસા અને પ્રતિષ્ઠા સુધી સીમિત થઈ ગયું છે. ભૌતિક-સમૃદ્ધિનાં સપનાઓને પૂરાં કરવા માટે માણસ સમય, સંસ્કાર અને સંબંધ બધાનું બલિદાન આપી રહ્યો છે. શિક્ષિત અને બુદ્ધિશાળી લોકો પણ આ આંધળી દોડને કારણે શૂન્યતા, નિરર્થકતા અને તણાવના ચક્રમાં ફસાઈ ગયા છે, પરિણામે જીવનમાં શાંતિ, સંતુષ્ટિ અને સ્વબોધનો અહેસાસ થતો જ નથી. આજે શિક્ષણને માત્ર અક્ષરજ્ઞાન અને માહિતીનાં સંગ્રહ સુધી મર્યાદિત રાખવામાં આવ્યું છે, જ્યારે જીવનમૂલ્યો અને આંતરિક વિકાસને પૂર્ણતઃ અવગણવામાં આવ્યા છે. સ્પર્ધા, અહંકાર અને સ્વાર્થની ભાવનાઓએ માણસને કુદરતી અને સહજ જીવનશૈલીથી દૂર કરી દીધો છે.

ભૌતિક અને આધ્યાત્મિક જીવનનું સમતુલન સ્થાપિત કરવા પ્રયત્નશીલ આ અભ્યાસક્રમમાં શાસ્ત્રનો, જીવન વ્યવસ્થાપનના સિદ્ધાંતો અને આધુનિક મનોવિજ્ઞાનનો સમન્વય છે. અહીં ફક્ત જ્ઞાન નહીં, પણ આત્મવિશ્લેષણ અને ચારિત્ર્યનિર્માણ પર ભાર મૂકવામાં આવશે. સાર્થક અને શાંતિમય જીવન માટે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતો આ અભ્યાસક્રમ જીવનમૂલ્યો અને જીવનકૌશલ્યો શીખવીને સંવેદનશીલતા અને આત્મબોધ સહજ બનાવવા સક્ષમ છે.

## ❖ વર્તમાન પડકારો :

01. અસ્પષ્ટ જીવનદૃષ્ટિ, 2. માનસિક તણાવ, 3. નૈતિકતાનો અભાવ, 4. સંબંધોમાં કટોકટી, 5. જીવનકૌશલનો અભાવ, 6. સામાજિક અસમાનતા, 7. આત્મવિશ્વાસની ઊણપ , 8. ટેકનોલોજીનો અતિશય પ્રભાવ, 9. પર્યાવરણ પ્રત્યે ઉદાસીનતા, 10. વ્યવહારુ જ્ઞાનનો અભાવ, 11. અસ્વસ્થ જીવનશૈલી, 12. નાણાંકીય અસંતુલન, 13. ભોગવિલાસી માનસિકતા, 14. સ્વયં શિસ્તનો અભાવ , 15. સામાજિક જવાબદારી પ્રત્યે ઉદાસીનતા, 16. રોજગારીની મર્યાદા, 17. સફળતાના ખોટા માપદંડો, 18. આત્મમંથનનો અભાવ, 19. સમયનો દુરૂપયોગ, 20. જીવનહેતુની અસ્પષ્ટતા વગેરે. આ અભ્યાસક્રમ આવા પડકારો માટે વ્યવહારુ ઉકેલો પ્રદાન કરે છે, જે સફળ અને સંતુલિત જીવન માટે આવશ્યક છે.

આ અભ્યાસક્રમ વ્યક્તિને જીવનદૃષ્ટિ, ઉન્નત વિચારશક્તિ અને શાણપણ સાથે જીવન જીવવાની પ્રેરણા આપે છે. સમયસંચાલન, આરોગ્યપ્રદ જીવનશૈલી અને શિસ્તના સિદ્ધાંતો દ્વારા જીવનને ઉન્નત અને સાર્થક બનાવે છે. આ અભ્યાસક્રમ

દ્વારા આત્મવિશ્વાસ, વિશ્વસનીયતા અને આંતરિક-શક્તિ વિકસે છે, જેનાથી વ્યક્તિ અદમ્ય આત્મબળથી સાર્થક જીવન જીવવા માટે સજ્જ બને છે.

આ અભ્યાસક્રમ સમાજમૂલક દૃષ્ટિ, સ્વયંસેવા ભાવના અને સાંસ્કૃતિક વારસાની સમજ સાથે વ્યક્તિમાં સમાનતા અને સહઅસ્તિત્વના મૂલ્યો સંવર્ધિત કરે છે. સંબંધોની સમજણ, લાગણીઓનું વ્યવસ્થાપન અને સકારાત્મક સંલગ્નતાને આધારભૂત બનાવે છે. વ્યક્તિને ઉન્નત વિચારો, અંતરમુખ અભિગમ અને જ્ઞાનપ્રેરિત સેવાભાવના માર્ગે દોરી જઈ, સમાજ માટે ઉપયોગી બનાવવા માટે પ્રેરિત કરે છે.

આધ્યાત્મિક દૃષ્ટિ અને વૈજ્ઞાનિક અભિગમના સંકલન દ્વારા, આ અભ્યાસક્રમ જીવનમાં પરિપૂર્ણતા અને વિશ્વસંપન્નતા તરફ દોરી જાય છે. જીવનના અર્થ પર ચિંતન, આત્મમંથન અને લક્ષ્ય પ્રતિસાદ માટેની તૈયારી, વ્યક્તિને અનોખી સફળતા તરફ માર્ગદર્શન આપે છે. વૈશ્વિક સમસ્યાઓ સામે મજબૂત અભિગમ અને જવાબદારીથી ભરેલું જીવન જીવવાનું સામર્થ્ય આપે છે.

ધ્યાન, આત્મનિરીક્ષણ અને આલેખન ક્ષમતા જેવી આંતરિક શક્તિઓનું સંવર્ધન કરીને, આ અભ્યાસક્રમ વ્યાવસાયિક અને માનસિક વિકાસ માટે અનુકૂળ માળખું ઊભું કરે છે. વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે, આ અભ્યાસક્રમ વ્યક્તિના જીવનમાં આત્મવિશ્વાસ અને જ્ઞાનીક દૃષ્ટિનું સંયોજન પ્રદાન કરે છે, જે આજ અને આવતીકાલ માટે જીવન જીવવાની અનમોલ ભેટરૂપ છે.

## 2. અભ્યાસક્રમ વિષે :

### ❖ આ અભ્યાસક્રમ શું આપશે ?

1. **સર્વાંગીણ વિકાસ** : વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનમાં સર્વાંગીણ અને સર્વસ્પર્શી પ્રગતિ થશે.
2. **જીવનમૂલ્યો અને ચારિત્ર્યનિર્માણ** : નૈતિકતા, આચારશીલતા અને ઉચ્ચ માનવમૂલ્યોનો વિકાસ.
3. **માનવતાની સર્વોચ્ચ અવસ્થા** : વ્યક્તિ માનવતાના શ્રેષ્ઠ આદર્શોને અપનાવી શકે તે માટે યોગ્ય ઘડતર થશે.
4. **સર્જનાત્મકતા** : વ્યક્તિમાં રહેલી સર્જનશક્તિને પોષણ મળશે અને એક સારા સર્જક તરીકે ઉભરી આવશે.
5. **બહુઆયામી કૌશલ્યો** : વર્તમાન અને ભવિષ્યના સમયને અનુરૂપ અત્યાધુનિક કૌશલ્યો પ્રાપ્ત કરી શકશે.
6. **સંશોધન અભિગમ** : આ અભ્યાસક્રમના માધ્યમથી વિદ્યાર્થી એક શ્રેષ્ઠ સંશોધક બની શકશે.
7. **પ્રેરણાદાયી જીવનશૈલી** : સંતુલિત, સિદ્ધાંતપ્રેરિત અને સુખમય જીવનની ભેટ મળશે, જે અન્ય માટે પણ પ્રેરક બનશે.
8. **વિચારશક્તિ અને સમસ્યા-સમાધાન**: તર્કશક્તિ, વિશ્લેષણાત્મક વિચારસરણી અને સમસ્યા ઉકેલ માટે આગવો દ્દષ્ટિકોણ વિકસશે.
9. **વ્યાવસાયિક સફળતા** : આ અભ્યાસક્રમને કારણે બહુઆયામી અને ચારિત્ર્યસંપન્ન વ્યક્તિત્વ તથા અનેક કુશળતાઓ પ્રાપ્ત થશે, જેથી અઢળક વ્યવસાયિક ક્ષેત્રો માટેની કાબેલિયત હસ્તગત બનશે.
10. **નેતૃત્વ ક્ષમતાનો વિકાસ** : આ અભ્યાસક્રમને કારણે સંપ્રેષણ, નેતૃત્વ અને ટીમવર્ક જેવા ગુણોનું સંવર્ધન થશે.
11. **અનુભવી વ્યક્તિત્વ** : અભ્યાસક્રમ 50% પ્રેક્ટીકલ હોવાને કારણે અનેક પ્રત્યક્ષ અનુભવો મેળવી શકશે.
12. **આંતરિક શાંતિ અને માનસિક સંતુલન** : આ અભ્યાસક્રમને કારણે આધ્યાત્મિક માર્ગે ઉન્નતિ અને આંતરિક વિકાસ સંભવ બનશે.
13. **વૈશ્વિક નાગરિકતાના સિદ્ધાંતો** : વ્યાપક દૃષ્ટિકોણ ધરાવતા અને સામાજિક જવાબદારી પ્રત્યે નિષ્ઠાવાન નાગરિક બનશે.

14. **સમાજ માટે પ્રેરણાસ્રોત** : વ્યક્તિ સ્વ-વિકાસ સાથે અન્ય લોકોને પણ પ્રેરિત કરી શકે તેવી સમજણનો વિકાસ થશે.

### ❖ અભ્યાસક્રમથી સમાજને શું મળશે ?

1. **નૈતિક, જવાબદાર અને શિસ્તબદ્ધ નાગરિકો** : આ અભ્યાસક્રમ સમાજને આદર્શ, ચારિત્ર્યસંપન્ન અને શિસ્તબદ્ધ નાગરિકો આપશે, જે સામાજિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપશે.
2. **પ્રેરણાદાયી અને આત્મનિર્ભર યુવા પેઢી** : યુવાનોમાં નૈતિકતા, દિશાદર્શન, આત્મવિશ્વાસ અને સ્વાવલંબન વિકસાવશે, જેથી તેઓ સમાજના સુદૃઢ સ્તંભ બની શકશે.
3. **શિક્ષણ, સંશોધન અને નવાચારનો વિકાસ** : વધુ સંશોધકો અને જ્ઞાનપ્રેમી વ્યક્તિઓને તૈયાર કરીને, આ અભ્યાસક્રમ નવીનતા અને જ્ઞાનનો પ્રસાર કરશે.
4. **સકારાત્મક, સુખમય અને સમાનતાભાવ ધરાવતો સમાજ** : આ અભ્યાસક્રમ માનસિક શાંતિ, સહકાર, સમજૂતી અને ન્યાયસ્થાપન દ્વારા વધુ સમર્થ અને સુખમય સમાજનું નિર્માણ કરશે.
5. **આર્થિક વિકાસ અને વ્યવસાયિક તકો** : આ અભ્યાસક્રમ દ્વારા વ્યાવસાયિક કુશળતા, નેતૃત્વ અને સંચાર કૌશલ્ય વિકસાવીને નવી રોજગારીની તકો ઊભી કરશે.
6. **સમર્થ અને દૃષ્ટિસંપન્ન નેતૃત્વ** : સમાજને સક્ષમ લોકનાયકો મળશે, જે સમર્પિત સેવાભાવ સાથે રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપશે.
7. **સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યસંપન્નતા** : પરંપરા અને આધુનિકતા વચ્ચેનું સંતુલન જાળવી, આધ્યાત્મિક ઉન્નતિ અને નૈતિકમૂલ્યોનું રક્ષણ થશે.
8. **વૈશ્વિક દૃષ્ટિકોણ અને સામાજિક જવાબદારી** : નાગરિકો વૈશ્વિક સ્તરે પડકારો અને ઉકેલ અંગે વધુ જવાબદાર બનશે, અને માનવતાની ભાવના ધરાવશે.
9. **સહયોગી, સહઅસ્તિત્વ અને પરોપકારી સમાજ** : આ અભ્યાસક્રમ સામાજિક-સેવા, પરોપકાર અને સહયોગ દ્વારા એકબીજાને ઉન્નત કરવામાં મદદરૂપ થશે.
10. **મજબૂત પરિવાર અને સંબંધોની સ્થાપના** : આ અભ્યાસક્રમ સંપ્રેષણ, સહકાર અને માનવ સંબંધોની મજબૂતી દ્વારા પરિવાર અને સમાજને વધુ શ્રેષ્ઠ બનાવશે.

## 2.1 અભ્યાસક્રમના સૈદ્ધાંતિક પાસા :

1. અભ્યાસક્રમમાં શાશ્વત જીવનમૂલ્યોનો આધુનિકતા સાથે અનુબંધ કરવામાં આવશે. આ અભ્યાસક્રમ પરાવિદ્યા અને અપરાવિદ્યાનું સાયુજ્ય ધરાવે છે.
2. વેદાંત મુખ્ય વિષય હોવાને કારણે ઉપનિષદોની અદ્વિતીય વિદ્યાઓથી વિદ્યાર્થીઓ પ્રશિક્ષિત થશે, આ ઉપરાંત વેદાંતના પ્રમુખ અન્ય દસથી વધારે ગ્રંથોનો વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે.
3. આ અભ્યાસક્રમના કેન્દ્રમાં તત્ત્વચિંતન હોવાને કારણે ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વચિંતકોના જીવનકાર્યો અને ચિંતન પર વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનો અવસર મળશે.

4. આ અભ્યાસક્રમ વ્યક્તિના ચરિત્રનિર્માણ પર વધારે ભાર મૂકતો હોવાને કારણે સિદ્ધાંતો અને મૂલ્યોનો જીવન વ્યવહારમાં સફળ પ્રયોગ કરતા શીખવવામાં આવશે.
5. આ અભ્યાસક્રમનો જીવાતા જીવન સાથે અનુબંધ હશે, આ અભ્યાસક્રમને જીવનમાં અને જીવનને અભ્યાસક્રમમાં લાવવાના પ્રયાસો રહેશે.
6. આ અભ્યાસક્રમ ફક્ત થિયરી નહિ રહે, 50%થી વધારે પ્રેક્ટિકલ બની રહેશે, અભ્યાસક્રમના ભાગરૂપે ઇન્ટર્નશીપ ફરજિયાત યોજવામાં આવશે.
7. આ અભ્યાસક્રમમાં ફક્ત વ્યાખ્યાન પદ્ધતિ નહીં હોય, પરંતુ ચર્ચા, સંવાદ, જિજ્ઞાસા સમાધાન, પ્રયોગો, પ્રાયોગિક-કાર્યો, સંશોધન, ચિંતન, લેખન, વિમર્શ, પરામર્શ, સર્જન, સાહસ, પ્રવાસ, સ્ટાર્ટઅપ, આન્ત્રપ્રિનોરશીપ, ઇન્ટર્નશીપ, સેવા, જૂથકાર્ય, અસાઇન્મેન્ટ, ડિઝર્ટેશન, સેમિનાર, પરિસંવાદ, સંગોષ્ઠિ, વિશેષ મુલાકાત, કાર્યશાળાઓ, શિબિરો વગેરે ઉપક્રમો યોજવામાં આવશે.
8. આ અભ્યાસક્રમ અંતર્ગત વીસ કૌશલ્યો આવરી લેવામાં આવશે, જેમાંથી ઓછામાં ઓછા દસ કૌશલ્યો અનિવાર્યપણે શીખવાના રહેશે.
9. આ અભ્યાસક્રમમાં 'મલ્ટી ડિસીપ્લિનરી' અભિગમનો સમાવેશ થયો હોવાને કારણે વિદ્યાર્થીઓને બહુવિષયક અને બહુ વિદ્યાશાખાકીય વિષયોનો અભ્યાસ કરવાનો અવસર પ્રાપ્ત થશે.
10. આ અભ્યાસક્રમ ઇન્ટીગ્રેટેડ હોવાને કારણે એક જ જગ્યાએ એક જ પ્રવાહમાં અને એકબીજી વિદ્યાશાખાઓના પરસ્પર સુમેળ સાયુજ્યને કારણે વિદ્યાર્થીઓને સીધી જ માસ્ટર ડિગ્રી મેળવવામાં લાભદાયક નીવડશે.
11. આ અભ્યાસક્રમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે.
12. આ અભ્યાસક્રમમાં ભાષાશિક્ષણ અનિવાર્ય છે અને તેથી સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીનું પૂરતું પ્રશિક્ષણ પ્રાપ્ત થશે.

## 2.2 અભ્યાસક્રમના પ્રાયોગિક ઉપક્રમો :

લાઈફ મેનેજમેન્ટ માત્ર સૈદ્ધાંતિક અભિગમ સુધી મર્યાદિત નથી. તે વ્યક્તિના વ્યક્તિત્વ, નેતૃત્વ, વ્યવહાર, સંવાદ અને વ્યવસાયિક કુશળતાને ઘડવાની પ્રક્રિયા છે. જીવન વ્યવસ્થાને વધુ પ્રભાવી અને સમતુલિત બનાવવા માટે વિવિધ પ્રાયોગિક કાર્યો જેમ કે ઇન્ટર્નશીપ, ફિલ્ડવર્ક, પ્રયોગો, પ્રાયોગિક પ્રવૃત્તિઓ, સંશોધન, સર્વેક્ષણો, આંત્રપ્રિન્યોરશીપ અને સ્ટાર્ટઅપ અભ્યાસક્રમમાં સમાવવામાં આવ્યાં છે.

પ્રાયોગિક અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ જ્ઞાનને વાસ્તવિક પરિસ્થિતિઓમાં કેવી રીતે લાગુ કરવું તે શીખશે અને સમસ્યાનો ઉકેલ શોધવા માટે અસરકારક વિચારવિમર્શ અને નિર્ણયશક્તિ વિકસાવી શકશે. આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક અને સામાજિક જીવનમાં વધુ સક્ષમ અને આત્મવિશ્વાસુ બનાવશે, જેથી તેઓ બદલાતા સમય અનુસાર જાતે જ આગળ વધી શકે.

1. **ઇન્ટર્નશીપ** : વિદ્યાર્થીઓ અકાદમિક સંસ્થાઓ, NGO, હેલ્થકેર, સ્ટાર્ટઅપ્સ અને સંશોધન કેન્દ્રોમાં ઇન્ટર્નશીપ કરશે, જ્યાં તેઓ વાસ્તવિક કાર્યક્ષેત્રમાં અનુભવ મેળવશે. ઇન્ટર્નશીપ તેમને ટીમવર્ક, સમય વ્યવસ્થાપન અને વ્યવસાયિક નૈતિકતા

જેવી કુશળતાઓ વિકસાવવા માટે સહાય કરશે. તેનાથી વિદ્યાર્થીઓ સંબંધોની સમજ, લીડરશીપ અને વ્યવસ્થાપન કૌશલ્ય પ્રાપ્ત કરશે, જે તેમના ભવિષ્યના વ્યવસાયમાં ઉપયોગી બનશે.

2. **ફિલ્ડવર્ક** : વિદ્યાર્થીઓ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સર્વેક્ષણ, આરોગ્ય જાગૃતિ, શિક્ષણ પ્રચાર અને સામાજિક વિકાસના કાર્યોમાં ભાગ લેશે. ફિલ્ડવર્ક તેમને વાસ્તવિક જીવનના પડકારો સમજી, વિવિધ સમાજ વર્ગો સાથે સંવાદ અને સહકાર કેવી રીતે રાખવો તે શીખવામાં મદદરૂપ થશે. આ પ્રેક્ટિકલ અનુભવ વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી, પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાની ક્ષમતા અને સંબંધ વ્યવસ્થાપન જેવી કુશળતાઓ વિકસાવશે.

3. **પ્રયોગો** : વિદ્યાર્થીઓ આનંદિત જીવન, દૃઢ મનોબળ, સ્વપ્રેરણા અને વ્યકિતત્ત્વ વિકાસને કેન્દ્રમાં રાખીને વિવિધ માનસિક અને વ્યવહારિક પ્રયોગો કરશે. આ કાર્યપ્રણાલી તેમને શાસ્ત્રીય અભિગમથી જીવનની પરિસ્થિતિઓને વધુ સારી રીતે સમજવામાં અને વ્યક્તિગત સંસ્કાર અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદ કરશે.

4. **પ્રાયોગિક પ્રવૃત્તિઓ** : વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક સુખાકારી, સમય વ્યવસ્થાપન, મલ્ટિટાસ્કિંગ અને ક્રિયાત્મક વિચારશક્તિ વિકસાવવા માટે વિવિધ પ્રાયોગિક પ્રવૃત્તિઓ કરશે. આ અભ્યાસક્રમ વિશ્વસનીયતા, કાર્યક્ષમતા અને આધુનિક જીવનશૈલી સાથે જોડાયેલી સમસ્યાઓના ઉકેલ શોધવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરશે.

5. **સંશોધન** : વિદ્યાર્થીઓ આધ્યાત્મિક ઉન્નતિ, સાર્થક જીવન, અને નેતૃત્વ વિકાસ જેવા વિષયોને આધારિત સંશોધન પ્રોજેક્ટ કરશે. તેઓ માનવીય વ્યવહાર, સામાજિક પરિબળો અને આધ્યાત્મિક માનસિકતાનો વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ કરશે. આ અભ્યાસક્રમ તેમને વિશ્વસનીયતા, તથ્ય-આધારિત નિર્ણયશક્તિ અને ગહન અધ્યયન માટેની અભિરુચિ વિકસાવવામાં સહાયક બનશે.

6. **સર્વેક્ષણો** :વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય રક્ષા, કૌશલ્ય વિકાસ અને પરિવાર પ્રબોધન જેવા વિષયોને આધારિત સર્વેક્ષણો કરશે. તેઓ આંકડાશાસ્ત્ર, ડેટા વિશ્લેષણ અને ગ્રાઉન્ડ-લેવલ રિસર્ચ દ્વારા વિશ્વસનીય અને વિવેચનાત્મક તારણો મેળવશે. આ અભ્યાસક્રમ તેમને સંગ્રહ, વિશ્લેષણ અને પ્રશ્નાવલિ આધારિત અભ્યાસની કુશળતા અપાવશે

7. **આંત્રપ્રિન્યોરશીપ** : વિદ્યાર્થીઓ નવા બિઝનેસ મોડલ, ટેક્નોલોજી-આધારિત ઉકેલો, સામાજિક ઉદ્યમિતા અને રોકાણ આયોજન પર અભ્યાસ કરશે. આ અભ્યાસક્રમ તેમને સર્જનાત્મક વિચારધારા, સાહસ કરવાની હિંમત, સ્વતંત્ર નિર્ણયશક્તિ અને કાર્યક્ષમતા વિકસાવવામાં મદદ કરશે. તેઓ સ્વાવલંબી બની વ્યવસાયિક વિશ્વમાં પોતાનું સ્થાન બનાવી શકે તેવા પ્રયાસો કરશે.

8. **સ્ટાર્ટઅપ** : વિદ્યાર્થીઓ ભાષા શિક્ષણ, સર્જનાત્મકતા અને વ્યવસાયિક કુશળતા સાથે જોડાયેલા સ્ટાર્ટઅપ પર કામ કરશે. આ અભ્યાસક્રમ તેમને નવસર્જનાત્મક વિચારોને વ્યવસાયમાં કઈ રીતે બદલવા, પ્રયોગાત્મક માર્કેટિંગ, અને ટીમ મેનેજમેન્ટ વિશે અભ્યાસ કરાવશે. આ પ્રયાસ દ્વારા તેઓ સ્વનિર્ભરતા, પ્રતિષ્ઠા અને નવીનતમ ટેક્નોલોજીનો ઉપયોગ શીખી શકશે.

9. **સર્જનાત્મક પ્રવૃત્તિઓ** : વિદ્યાર્થીઓ ચિંતનપ્રેરક લેખન, પુસ્તક લેખન, ફોટોગ્રાફી, કલા, થિયેટર, સંગીત, શોર્ટ ફિલ્મ, પ્રોજેક્ટ અને ડિઝાઇન જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેશે. આ પ્રવૃત્તિઓ તેઓને આત્મઅભિવ્યક્તિ, અંતર્મન સાથે જોડાણ અને દૃષ્ટિવિસ્તાર માટે ઉત્તમ માધ્યમ બની રહેશે. આનાથી વિદ્યાર્થીઓની ભાવનાત્મક બુદ્ધિ, સંવેદનશીલતા અને નવા દૃષ્ટિકોણથી સમસ્યાઓને જોવાની ક્ષમતા વિકસશે. આ પ્રવૃત્તિઓ સર્જનાત્મકતા અને આંતરિક ઉર્જાને જીવંત રાખીને વ્યાવસાયિક અને માનવ સંબંધોમાં નવી ઊર્જા લાવવા માટે પ્રેરિત કરશે.

આ અભ્યાસક્રમને પ્રાયોગિક અભ્યાસ સાથે જોડવાથી વિદ્યાર્થીઓ માત્ર શૈક્ષણિક દૃષ્ટિએ જ નહીં, પણ વ્યવસાયિક અને સામાજિક જીવનમાં પણ પ્રભાવી બની શકે. તેઓ સુવ્યવસ્થિત વિચારશક્તિ, કાર્યક્ષમતા અને વ્યવસ્થાપન કુશળતા વિકસાવી શકે, જે લાઈફ મેનેજમેન્ટનો મુખ્ય હેતુ છે.

## 2.3 અભ્યાસક્રમની સામાન્ય માહિતી :

1. **કોર્સનું શીર્ષક : Vedantic Science and Life Management (Integrated BS & MS)**

   1.1. સર્ટીફીકેટ ઇન સાયન્સ (Certificate in Science) પહેલું વર્ષ (સેમેસ્ટર 01 અને 02)

   1.2. ડિપ્લોમા ઇન સાયન્સ (Diploma in Science) બીજું વર્ષ (સેમેસ્ટર 03 અને 04)

   1.3. બેચલર ઓફ સાયન્સ B.S. (Bachelor of Science)ત્રીજું વર્ષ (સેમેસ્ટર 05 અને 06)

   1.4. બેચલર ઓફ સાયન્સ(ઓનર્સ)B.S. Bachelor of Science (Honours)ચોથું વર્ષ (સેમેસ્ટર 07 અને 08)

   1.5. માસ્ટર ઓફ સાયન્સ M.S. (Master of Science) પાંચમું વર્ષ (સેમેસ્ટર 09 અને 10)

2. **ડ્યુઅલ ડિગ્રી – (Dual Degree)**

   કોઈપણ વિદ્યાશાખામાં અભ્યાસ કરી રહેલ (કાર્યરત) વિદ્યાર્થી પોતાના અન્ય વિદ્યાશાખાના અભ્યાસની સાથે આ કોર્સમાં પણ અભ્યાસ કરી શકશે, આ કોર્સનો વિદ્યાર્થી કોઈપણ અન્ય વિદ્યાશાખામાં પણ અભ્યાસ કરી શકશે, આ કોર્સ ડ્યુઅલ ડિગ્રી – (Dual degree) માટે માન્ય રહેશે.

3. **પ્રવેશ પાત્રતા(Eligibility for Admission)**

   3.1 કોઈ પણ વિદ્યાશાખામાંથી ધોરણ 12 પાસ વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકશે.

   3.2 ધોરણ 10 પછી 02 વર્ષનો ડિપ્લોમામાં અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકશે.

   3.3 કોઈપણ માન્ય સંસ્થામાંથી ધોરણ 12 સમકક્ષ અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકશે.

4. **ઉપસ્થિતિ(Attendance)**

   આ કોર્સ થીયરીકલ/પ્રેક્ટીકલ હોવાથી 80% હાજર ફરજિયાત છે.

5. **પ્રવેશ પ્રક્રિયા (Admission Process)**

   5.1 સૌ પ્રથમ ગુજરાત સરકારના ધારાધોરણ મુજબ GCAS પોર્ટલ https://GCAS.gujgov.edu.in/પર નોંધણી થશે. (જેની વિસ્તૃત માહિતીનું પત્રક આ પુસ્તિકાની પાછળ છે.)

   5.2 આ ઉપરાંત વિભાગ દ્વારા પ્રવેશ-પરીક્ષા યોજવામાં આવશે.

   5.3 વિભાગ દ્વારા આયોજિત પ્રવેશ-પરીક્ષાના આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે..

6. **ફી માળખું (FeeStructure)**

   - Semester Fee (સત્ર ફી) 13200/-
   - Annual Fee (વાર્ષિક ફી) 26400/-

7. **કુલ બેઠકો (Total Seats)**

   એક વર્ગમાં કુલ સંખ્યા 60 (સાઠ) રહેશે.

8. **પાળી (Shift)**

આ કોર્સનો સમય સવારનો રહેશે (08:00am to 01:00pm) અને મોટાભાગના વર્ગો ભાષા-સાહિત્ય ભવનમાં ચાલશે.

9. **અભ્યાસનું માધ્યમ (Medium of study)**

આ અભ્યાસક્રમનું માધ્યમ ગુજરાતી રહેશે.

10. **પરીક્ષાનું માધ્યમ(Medium of Examination)**

આંતરિક પરીક્ષા અને યુનિવર્સિટીની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત કે અંગ્રેજીમાંથી પોતાને અનુકૂળ કોઈ પણ ભાષા પસંદ કરી શકશે.

# 3. અભ્યાસક્રમમાં સમાવિષ્ટ મુખ્ય વિષયો

## 3.1 પ્રમુખ ઉપનિષદોનો જીવન-વ્યવસ્થાપનના સંદર્ભમાં અભ્યાસ.

ઉપનિષદો એ ભારતીય જ્ઞાન પરંપરાની સૌથી મોટી આધારશીલા છે, ઉપનિષદો એ આપણને પ્રાપ્ત થયેલી ઋષિમુનિઓની યુગોની સાધનાની અણમોલ ભેટ છે. સાર્થક જીવન માટે ઉપનિષદોમાં ઉલ્લેખાયેલ તત્ત્વજ્ઞાન આપણને શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડે છે. 'ઈશોપનિષદ્' સંકલ્પ અને સમત્વનો પ્રભાવ શીખવે છે, 'કેનોપનિષદ્' આત્મજ્ઞાન અને આંતરિક શક્તિ જાણવાની પ્રેરણા આપે છે, 'કઠોપનિષદ્' જીવન અને મરણના રહસ્યો સમજાવે છે, 'પ્રશ્નોપનિષદ્' જીવનશક્તિ અને પ્રાણના મહત્ત્વ પર પ્રકાશ પાડે છે, 'મુંડકોપનિષદ્' સાચા અને ખોટા જ્ઞાન વચ્ચેનો ભેદ બતાવે છે, 'માંડૂક્યોપનિષદ્' ધ્યાન અને ચેતનાની અવસ્થાઓ પર કેન્દ્રિત છે, 'તૈત્તિરીયોપનિષદ્' નિરામય જીવન માટે શારીરિક અને માનસિક સ્તરોનું સમતુલન સમજાવે છે, 'ઐતરેયોપનિષદ્' જીવનનો ઉદ્દેશ્ય અને સૃષ્ટિના મૂળ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ‘છાંદોગ્યોપનિષદ્’ સત્ય અને ઉપાસનાના તત્ત્વો શીખવે છે, અને ‘બૃહદારણ્યકોપનિષદ્’ આત્મજ્ઞાન અને જીવનની ઉન્નતિ માટે ગહન દર્શન આપે છે.

**પ્રમુખ ઉપનિષદોનો જીવન-વ્યવસ્થાપનના સંદર્ભમાં અભ્યાસ કરવો એ પ્રથમ પેપરનો ઉપક્રમ છે.**

પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાએ જીવન વ્યવસ્થાને શાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા સંચાલિત કરવાની દિશા દર્શાવી છે. ઉપનિષદો, ભગવદ્ ગીતા અને યોગશાસ્ત્રોમાં પંચકોષીય વિકાસ, ત્રિગુણ સમતોલન, અષ્ટાંગ યોગ અને ચતુર્પુરુષાર્થ દ્વારા સંપૂર્ણ જીવન જીવવાની માર્ગદર્શિકા આપવામાં આવી છે. આ તત્ત્વો માત્ર આધ્યાત્મિક જ નહીં, પરંતુ નૈતિક, શારીરિક અને બૌદ્ધિક વિકાસ માટે પણ અનિવાર્ય ગણાય છે.

આધુનિક સમયમાં આ સિદ્ધાંતોને જીવન વ્યવસ્થાપન, માનસિક સ્વાસ્થ્ય અને નેતૃત્વ વિકાસમાં લાગુ કરી શકાય. કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ સંસ્થાઓ અને વ્યક્તિગત સ્તરે સમતોલન અને કાર્યક્ષમતા વધારવા માટે ઉપયોગી સાબિત થઈ શકે. પ્રાચીન શાસ્ત્રોનો આધાર લઈને આધુનિક માનવજીવનને વધુ સાર્થક અને સુખમય બનાવી શકાય.

❖ **જીવન-વ્યવસ્થાના ઉપનિષદ્ આધારિત કેટલાંક દ્દષ્ટાંતો :**

(અહીં ફક્ત નમૂનાના થોડાક ઉદાહરણો પ્રસ્તુત છે.)

1. **પંચકોષાત્મક વિકાસ અને સમતોલન : અન્નમય કોષ** : આરોગ્ય, યોગ, આયુર્વેદ; **પ્રાણમય કોષ** : પ્રાણાયામ, ઉર્જા વ્યવસ્થાપન; **મનોમય કોષ**: ભાવનાઓનું સંચાલન, ધ્યાન; **વિજ્ઞાનમય કોષ**; તત્વચિંતન, બૌદ્ધિક વિકાસ; **આનંદમય કોષ**: ભક્તિ, સાધના, આત્મસાક્ષાત્કાર.
2. **ત્રિગુણાત્મક જીવન વ્યવસ્થાપન: સત્ત્વગુણ** : શાંતિ, દયાભાવ, તટસ્થતા; **રજોગુણ**: મહેનત, સ્પર્ધા, પ્રગતિ; **તમોગુણ**: આળસ, અજ્ઞાન અને હિંસાનું સંચાલન.
3. **ષટ્સંપત્તિ** : શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન.
4. **ચતુર્પુરુષાર્થ**: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.
5. **અષ્ટાંગ યોગ : યમ અને નિયમ**: નૈતિકતા અને સ્વાનુશાસન; **આસન અને પ્રાણાયામ**: શારીરિક અને પ્રાણિક શક્તિ; **પ્રત્યાહાર અને ધારણા**: ઈન્દ્રિય અને મન નિયંત્રણ; **ધ્યાન અને સમાધિ**: આત્મસાક્ષાત્કાર અને પરમાનંદ.
6. **જીવનની અવસ્થાઓ** : **જાગ્રત** – ભૌતિક જીવન; **સ્વપ્ન** – માનસિક-ભાવનાત્મક અનુભૂતિ; **સુષુપ્તિ** –અંતર્મુખતા **તુરીય** – પરમજ્ઞાન અને મોક્ષ; **કાળચક્ર અનુસાર અવસ્થાઓ** : બાલ્ય, યૌવન, વૃદ્ધાવસ્થા, સંન્યાસ.
7. **સાધનાના તબક્કા** : આરંભ →યોગ→પરિપક્વતા→સિદ્ધિ.
8. **ત્રિઅવસ્થા (યોગ દૃષ્ટિએ)–મૂઢાવસ્થા**: અજ્ઞાન અને અવિવેક, **એકાગ્ર અવસ્થા**: ધ્યાન અને સાધના, **સંપ્રજ્ઞાવસ્થા**: પરમાત્મા સાથેનો સમ્પર્ક.
9. **પરા અને અપરા વિદ્યા - અપરા વિદ્યા**: ભૌતિક શાસ્ત્રો (વેદ, વિજ્ઞાન, વ્યવસ્થાપન), **પરા વિદ્યા**: બ્રહ્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર
10. **તત્ત્વચિંતન અને મહાવાક્યો** : **અહં બ્રહ્માસ્મિ** (મુંડક ઉપનિષદ) – હું બ્રહ્મ છું. **તત્ત્વમસિ** (છાંદોગ્ય ઉપનિષદ) – તું એ જ છે. **પ્રજ્ઞાનં બ્રહ્મ** (ઋગ્વેદ) – ચેતના એજ બ્રહ્મ છે. **અયમાત્મા બ્રહ્મ** (મંડુક્ય ઉપનિષદ) – આ આત્મા બ્રહ્મ છે.
11. **સનાતન ધર્મના ચાર આશ્રમ** : **બ્રહ્મચર્ય** – શિક્ષણ અને શિસ્ત; **ગૃહસ્થ** – પરિવાર અને સંસારધર્મ; **વાનપ્રસ્થ** – સંકલન અને ત્યાગ; **સંન્યાસ** – મુક્તિ અને આધ્યાત્મિક જીવન.
12. **કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, અને રાજયોગ** : **કર્મયોગ** – નિષ્કામ કર્મ અને સેવા; **ભક્તિયોગ** – ઈશ્વરપ્રેમ અને ભજન; **જ્ઞાનયોગ** – આત્મસાક્ષાત્કાર માટે તત્ત્વવિચાર; **રાજયોગ** – સંયમ, ધ્યાન અને સમાધિ.
13. **ધર્મના પાંચ સ્તંભ** : **સત્ય** –સત્યનિષ્ઠા અને પ્રમાણિકતા; **અહિંસા** – હિંસાનો ત્યાગ; **અસ્તેય** – ચોરી ન કરવી; **બ્રહ્મચર્ય** – સંયમ અને શિષ્ટાચાર; **અપરિગ્રહ** – લોભ અને સંસારિક આસક્તિનો નાશ.
14. **નિષ્કામ કર્મ અને દૈવી ગુણો** : **નિષ્કામ કર્મ** – ફળની આશા રાખ્યા વિના કર્મ કરવું; **દૈવી ગુણો** – અહિંસા, દયા, ક્ષમા, દાન, સ્વચ્છતા, સ્થિરતા અને વૈરાગ્ય.
15. **બ્રહ્મવિચાર અને અદ્વૈત તત્ત્વજ્ઞાન** : **સર્વં ખલ્વિદં બ્રહ્મ** – સર્વ વસ્તુઓમાં બ્રહ્મની હાજરી, **અદ્વૈત તત્ત્વજ્ઞાન** – જીવ, જગત અને બ્રહ્મ એ એક જ તત્ત્વ છે.

16. **ભક્તિના નવાં સ્વરૂપો (નવવિદ્યા ભક્તિ)** : **શ્રવણ** – ઈશ્વર કથા સાંભળવી; **કીર્તન** – ઈશ્વરના ગુણગાન ગાવા; **સ્મરણ** – ઈશ્વરનું ચિંતન કરવું; **પાદસેવન** – ઈશ્વરના ચરણોમાં સેવા; **અર્ચન** – પૂજા-ઉપાસના; **વંદન** – પ્રણામ અને આદર; **દાસ્ય** – ઈશ્વરની ભક્તિ દ્વારા સેવા; **સાખ્ય** – ઈશ્વરને મિત્ર સમજી ભક્તિ કરવી, **આત્મનિવેદન** – સંપૂર્ણ સમર્પણ.

17. **અન્ય વિષયો** : ૧. ઉપનિષદો અને બ્રહ્મવિચાર, ૨. યોગ અને ધ્યાન પદ્ધતિઓ, ૩. કર્મ, ભક્તિ, જ્ઞાન અને રાજયોગ, ૪. જીવનના ચાર આશ્રમ અને તેમનું મહત્ત્વ, ૬. બ્રહ્મસૂત્ર, ભગવદ્ ગીતા અને તત્વચિંતન.

આધુનિક જીવનમાં પ્રાચીન જ્ઞાન પરંપરાનું મહત્ત્વ અપરિહાર્ય છે. પંચકોષ, ત્રિગુણ અને અષ્ટાંગ યોગ જેવા સિદ્ધાંતો માત્ર આધ્યાત્મિક ઉન્નતિ માટે નહીં, પણ કાર્યક્ષમતા અને માનસિક શાંતિ માટે પણ ઉપયોગી છે. શાસ્ત્રીય માર્ગદર્શન અપનાવીને જીવનમાં સંતુલન, સુખ અને પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકાય.

❖ **પ્રમુખ આચાર્યો અને જીવન-વ્યવસ્થાપન માટે તેમની દૃષ્ટિકોણનો સમાવેશ કરવામાં આવશે...**

1. **આદિ શંકરાચાર્ય** : (અદ્વૈત વેદાંત, 788–820 CE) – 'શારીરક ભાષ્ય' દ્વારા બ્રહ્મને એકમાત્ર સત્ય માન્યું. જીવન વ્યવસ્થાપન માટે અહંકારનો ત્યાગ, સમતોલ દૃષ્ટિકોણ અને નિઃસંગ જીવનશૈલી પર ભાર.

2. **રામાનુજાચાર્ય** : (વિશિષ્ટાદ્વૈત, 1017–1137 CE) – 'શ્રીભાષ્ય'માં ભક્તિ અને ઈશ્વર સાથે જીવના અંતરંગ સંબંધનું સમર્થન. જીવનમાં કર્તવ્યનિષ્ઠા, ભક્તિ અને સમાજ માટે કાર્ય કરવાનો ઉપદેશ.

3. **મધ્વાચાર્ય** : (દ્વૈત, 1238–1317 CE) – 'અનુવ્યાખ્યાન' દ્વારા ઈશ્વર અને જીવને ભિન્ન માન્યા. જીવન વ્યવસ્થાપન માટે નિયમિત ધર્મઆચરણ, ઈશ્વરપ્રેમ અને નીતિનિષ્ઠા મહત્ત્વની માની.

4. **નિંબાર્કાચાર્ય** : (દ્વૈતાદ્વૈત, 13મી સદી) – 'વેદાંત પારિજાતસૌરા' દ્વારા જીવ-બ્રહ્મના અદ્વૈત અને ભેદને સમજાવ્યું. જીવનમાં ભક્તિ અને કર્મયોગ દ્વારા પ્રગતિને મહત્ત્વ આપ્યું.

5. **વલ્લભાચાર્ય** : (શુદ્ધાદ્વૈત, 1479–1531 CE) – 'અણુભાષ્ય' દ્વારા બ્રહ્મને એકમાત્ર પરમાત્મા માન્યા. જીવન વ્યવસ્થાપન માટે નિઃસ્વાર્થ પ્રેમ, ભક્તિ અને ત્યાગની ભાવના વિકસાવવાનો ઉપદેશ આપ્યો.

6. **બાલદેવ વિદ્યાભૂષણ** : (અચિન્ત્ય ભેદાભેદ, 18મી સદી) – 'ગોવિંદભાષ્ય' દ્વારા ગૌડીય વૈષ્ણવ પરંપરાને સમર્થન. જીવનમાં ભક્તિ અને વ્યવહારમાં સમતુલન રાખવાની શિખામણ.

7. **વ્યાસ તીર્થ** : (દ્વૈત, 1460–1539 CE) – 'તત્ત્વપ્રકાશિકા' દ્વારા મધ્વાચાર્ય વેદાંતનો વિસ્તાર. જીવન વ્યવસ્થાપન માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વચ્ચે સંતુલન.

8. **ભાસ્કરાચાર્ય** : (ભેદાભેદ, 9મી સદી) – 'ભાસ્કર ભાષ્ય' દ્વારા બ્રહ્મ અને જગતના અનંત સંબંધને સમજાવ્યું. સંબંધો અને વ્યવહારમાં તર્ક અને સમજણ અપનાવવાનો સંદેશ.

9. **શ્રીકાંઠાચાર્ય** : (શિવાદ્વૈત, 12મી સદી) – 'શ્રીકાંઠ ભાષ્ય' દ્વારા શૈવ તત્ત્વજ્ઞાનનો પ્રચાર. જીવનમાં આધ્યાત્મિક સંયમ, તપસ્યા અને શિસ્ત જરૂરી તેના વિશે બોધ આપ્યો.

10. **અપ્પૈય દીક્ષિત** : (શિવાદ્વૈત, 16મી સદી) – 'શિવાર્કમણિદીપિકા' દ્વારા શૈવ વેદાંતનું વિશ્લેષણ. કર્મ, ભક્તિ અને જ્ઞાનનું સંયોજન, આધ્યાત્મિક ઉન્નતિ અને મનોબળનું મહત્વ પર ભાર મુક્યો.

**ઉપર્યુક્ત તમામ આચાર્યોના વિચારો જીવન-વ્યવસ્થાપન માટે પ્રેરણાદાયી બની શકશે, જેમાં ભક્તિ, અનુશાસન, સંયમ, ત્યાગ અને કર્તવ્યની સમજણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.**

## 3.2 પ્રમુખ વેદાન્ત ગ્રંથોનો જીવન-વ્યવસ્થાપનના સંદર્ભમાં અભ્યાસ.

આ કોર્સમાં વેદાન્તના પ્રમુખ ગ્રંથોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, આ ગ્રંથોમાં નિરૂપિત જીવન વ્યવસ્થાપનના મુખ્ય તત્ત્વોને કેન્દ્રમાં રાખવામાં આવ્યાં છે.

1. **શ્રીમદ્ ભગવદ્ ગીતા** : શ્રીમદ્ ભગવદ્ ગીતા જીવન વ્યવસ્થાપન માટે એક સર્વગ્રાહી ગ્રંથ છે, જે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ દ્વારા માનવીને ચિંતામુક્ત જીવન જીવવાનો માર્ગ દર્શાવે છે. અદ્વૈત વેદાંત મુજબ, કર્મફળ ત્યાગ અને નિઃસ્વાર્થ સેવાના સિદ્ધાંતો એ નિર્ણયશક્તિ અને નેતૃત્વ વિકાસ માટે મહત્વપૂર્ણ છે. 'योगःकर्मसुकौशलम्' ઉપદેશ મુજબ, કાર્યદક્ષતા અને ધૈર્ય જીવનમાં સ્થિરતા લાવે છે. એક વ્યવસ્થાપક માટે માર્ગદર્શિકા છે. લાગણીના સંયમથી નિર્ણય લેવાની કળા આવશ્યક છે, જે ગીતા સ્પષ્ટ સંદેશ આપે છે.
2. **બ્રહ્મસૂત્ર** : બ્રહ્મસૂત્ર અદ્વૈત વેદાંતના તત્ત્વજ્ઞાનને સમજૂતીપૂર્વક રજૂ કરે છે, જેમાં બ્રહ્મને એકમાત્ર સત્ય માનવામાં આવે છે. જીવન વ્યવસ્થાપનના સંદર્ભમાં આ ગ્રંથ વ્યક્તિને મિથ્યા અને સત્યના ભેદને સમજાવવાનું શિખવે છે, જેના દ્વારા વ્યવસાય અને દૈનિક જીવનમાં મૂલ્યો ઉપર અડગ રહેવાનું મહત્ત્વ સમજાય છે. 'ब्रह्मसत्यंजगन्मिथ्या' –આ સિદ્ધાંત દ્વારા, નેતૃત્વ અને વ્યવસ્થાપનમાં મોહ અને ભ્રમથી મુક્ત રહેવા પર ભાર મૂકાય છે. વ્યવસાયમાં, અસ્થિર પરિસ્થિતિઓને મિથ્યા માની, સ્થિર ચિંતન દ્વારા યોગ્ય નિર્ણયો લેવાય તે શીખવે છે.
3. **ગૌડપાદકારિકા** : ગૌડપાદાચાર્ય કૃત ગૌડપાદકારિકા માંડુક્ય ઉપનિષદ પર આધારિત છે અને અજાતિવાદ દ્વારા જગતને મિથ્યા ગણાવે છે. જીવન વ્યવસ્થાપનના સંદર્ભમાં, આ ગ્રંથ અનાસક્તિ અને મનોદૃઢતા વિકસાવવામાં સહાયક છે. 'नैवकिञ्चित्करोमीतियुक्तोमन्येततत्त्ववित्' –આ શ્લોક કર્મમાં અનાસક્તિ અને સમતોલ ચિત્ત રાખવા પ્રેરણા આપે છે. વ્યવસ્થાપનમાં, વ્યક્તિએ સંજોગો પર નહીં પરંતુ પોતાના ચિંતન અને પ્રયત્નો પર ધ્યાન આપવું જોઈએ, જેથી મોહ અને ભયથી મુક્ત થઈ શકાય આ પ્રકારની સમજણ આપે છે.
4. **વિવેકચૂડામણિ** : આ ગ્રંથમાં શંકરાચાર્યે જીવનમાં વિવેક અને વૈરાગ્યના મહત્ત્વની વ્યાખ્યા કરી છે. વ્યવસ્થાપન માટે, આ ગ્રંથ સત્ય અને અસત્યના ભેદને ઓળખીને યોગ્ય નિર્ણયો લેવાની કળા શીખવે છે. 'विवेकःपरमोलाभः' –વિવેક સર્વોત્કૃષ્ટ લાભ છે. એક વ્યવસ્થાપક માટે, સંજોગોનું મૂલ્યાંકન અને નૈતિકતા આધારિત નિર્ણય શક્તિ સૌથી વધુ મહત્ત્વની હોય છે. આ ગ્રંથ આ પ્રકારનું શાણપણ શીખવે છે.
5. **ઉપાસનાસાર** : ઉપાસનાસાર ભક્તિ અને જ્ઞાનના સમન્વય પર આધારિત છે, જે જીવન વ્યવસ્થાપનમાં ભાવનાત્મક બુદ્ધિમત્તા વિકસાવવામાં મદદરૂપ થાય છે. 'भक्त्याज्ञानंविनिश्चितम्' – ભક્તિથી જ્ઞાન પૂર્ણતા પામે છે. કર્મ અને ધર્મનું સમતુલન જીવનમાં સફળતા માટે આવશ્યક છે. એક વ્યવસ્થાપક માટે, આ ગ્રંથ સંયમ, સહાનુભૂતિ અને ધૈર્યનું મહત્ત્વ સમજાવે છે. ઉદાહરણ તરીકે, સકારાત્મક દૃષ્ટિકોણ અને સહકર્મચારીઓ સાથે મૈત્રીભાવ કોઈ પણ સંસ્થા માટે અનિવાર્ય છે.
6. **આત્મબોધ** : આત્મબોધ ગ્રંથમાં સ્વ-જ્ઞાન દ્વારા મોખરાનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ આત્મસંસ્કાર અને આંતરિક શાંતિ દ્વારા પરિપૂર્ણતા તરફ દોરી જાય છે. 'ज्ञानंनमुक्तिंविना' –જ્ઞાન વિના મુક્તિ અશક્ય છે. એક વ્યવસ્થાપક માટે, આ ગ્રંથ પોતાનું આત્મવિશ્લેષણ કરવાનું અને અભ્યાસના આધારે નિર્ણય લેવાનું શીખવે છે.

ઉદાહરણ તરીકે, એક સંચાલક જો પોતાના દોષો અને શક્તિઓનું નિરક્ષણ કરે, તો તે સમર્થ અને ઉદ્દીપક નેતૃત્વને આપી શકે.

7. **અષ્ટવક્ર ગીતા** : અષ્ટવક્ર ગીતા અદ્વૈત વેદાંતનો તત્ત્વવિચાર રજૂ કરે છે અને સ્વતંત્ર ચિંતનનો માર્ગ દર્શાવે છે. 'मुक्तिमिच्छसिचेत्तात' – મુક્તિ ઈચ્છો તો મોહ અને અહંકાર છોડો. વ્યવસ્થાપનમાં, કોઈ પણ વ્યક્તિએ પૂર્વગ્રહ અને સ્વાર્થ છોડીને સાર્વજનિક હિતમાં કામ કરવું જોઈએ. ઉદાહરણ તરીકે, એક વ્યવસ્થાપક જો પોતાની ઇચ્છાઓને પર કરી, સંસ્થા અને કર્મચારીઓનાં હિત માટે કાર્ય કરે, તો તે લાંબા ગાળે સફળ થઈ શકે.

8. **યોગવાશિષ્ઠ** : યોગવાશિષ્ઠ મહર્ષિ વશિષ્ઠ દ્વારા શ્રીરામને આપવામાં આવેલા શિક્ષણનું સંકલન છે. જીવન વ્યવસ્થાપન માટે, આ ગ્રંથ મનોબળ અને સંસારમાં મોહિત ન થવાની શક્તિ વિકસાવે છે. 'चित्तस्यशुद्धयेकर्म' –કર્મનો હેતુ ચિત્તશુદ્ધિ છે. એક વ્યવસ્થાપક માટે, આ ગ્રંથ બતાવે છે કે કેવળ સ્વાર્થપૂર્ણ યત્ન નહીં, પરંતુ સામૂહિક હિત માટે શ્રદ્ધા અને પુષ્કળ પ્રયત્ન જ સફળતા આપે છે.

9. **પંચદશી** : વિદ્યારણ્ય-સ્વામિ કૃત પંચદશી અદ્વૈત સિદ્ધાંતોનું તર્કશુદ્ધ નિરૂપણ કરે છે. 'आत्मासत्यम्' –આત્મા જ સત્ય છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ આપણને શીખવે છે કે બાહ્ય પરિસ્થિતિઓ બદલાતી રહે છે, પણ અંતઃશક્તિ અને ચિંતન સદૈવ સ્થિર રહેવું જોઈએ. ઉદાહરણ તરીકે, સંકટના સમયમાં જે વ્યક્તિ પોતાનું ધૈર્ય અને સમજણ ટકાવી રાખે છે, તે સફળ નેતૃત્વ પ્રદાન કરી શકે.

10. **દૃગદૃશ્ય વિવેક** : આ ગ્રંથ આપણને દૃષ્ટા અને દૃશ્યનો ભેદ સમજાવી જીવનમાં વિવેકભાવ વિકસાવવા પ્રેરિત કરે છે. 'साक्षिभूतःसदामुक्तः' –જે સાક્ષીભાવ ધરાવે, તે મુક્ત છે. વ્યવસ્થાપનના સંદર્ભમાં, વ્યક્તિએ પરિસ્થિતિઓને તટસ્થ દૃષ્ટિએ જોવી જોઈએ. ઉદાહરણ તરીકે, એક સંચાલક જો ભાવનાત્મક અથવા પૃથક્કૃત દૃષ્ટિકોણથી નિર્ણય લે તો તે વધુ અસરકારક થઈ શકે.

11. **વેદાંતસાર** : વેદાંતસાર અદ્વૈત વેદાંતને સરળતાથી સમજાવે છે. 'ब्रह्मैवसत्यम्' – બ્રહ્મ જ એકમાત્ર સત્ય છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ દર્શાવે છે કે કોઈ પણ સમસ્યાનું મૂળ સત્ય શોધવું જોઈએ, નહીં કે તેની સાવચેતી વિહોણું નિદાન. ઉદાહરણ તરીકે, કોઈ વ્યવસાયમાં ચડાવ-ઉતાર આવે ત્યારે યથાર્થતાનું મૂલ્યાંકન અને ધીરજ મહત્ત્વપૂર્ણ છે.

12. **નૌતિકા** : નૌતિકા ગ્રંથ અદ્વૈત તત્ત્વનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરે છે અને શાંતિ અને સ્વતંત્ર ચિંતનનું માર્ગદર્શન આપે છે. '**नौतिनसंसारम्**' – સંસારની વાસ્તવિકતા સમજવી જોઈએ. જીવન વ્યવસ્થાપનમાં આ ગ્રંથ સંજોગો સામે મજબૂત રહેવા અને તટસ્થતા વિકસાવવા માટે પ્રેરણા આપે છે. ઉદાહરણ તરીકે, એક વ્યવસ્થાપક તણાવભર્યા સંજોગોમાં પણ શાંત અને નિષ્ણાત રીતે કામ કરી શકે.

13. **માયાવાદસિદ્ધિ** : આ ગ્રંથ માયાના તત્ત્વવિચાર અને અદ્વૈત સિદ્ધાંતને સમર્થન આપે છે. '**मायानवास्तविकम्**' – માયા સત્ય નથી. જીવન વ્યવસ્થાપનમાં આ ગ્રંથ વ્યક્તિને ભ્રમથી મુક્ત થવાની અને તટસ્થ દૃષ્ટિ વિકસાવવાની શિખામણ આપે છે. ઉદાહરણ તરીકે, એક વ્યવસાયમાં કોઈ મુશ્કેલી સમયસર ઉકેલી શકાય તેમ ન લાગે, પરંતુ સત્યની સમજૂતી દ્વારા યોગ્ય પદ્ધતિ અપનાવી શકાય.

14. **મનસોલ્લાસ** : મનસોલ્લાસ તત્ત્વજ્ઞાનને સરળ ભાષામાં સમજાવે છે. '**मनःशुद्धिंविनैनमुक्तिः**' – મનની શુદ્ધિ વિના મુક્તિ સંભવ નથી. જીવન વ્યવસ્થાપનમાં આ ગ્રંથ આંતરિક સ્વરૂપમાં પરિવર્તન લાવવાની વાત કરે છે. ઉદાહરણ

તરીકે, એક સુવ્યવસ્થિત નેતા પોતાના માનસિક સંતુલન અને નૈતિક મૂલ્યો દ્વારા સંસ્થા માટે ઊંચા ધોરણો સ્થાપિત કરી શકે.

15. **સાધનપંચક** : સાધનપંચક શંકરાચાર્ય રચિત ગ્રંથ છે, જે જીવનમાં સાધનાના પાંચ તત્ત્વો દર્શાવે છે. '**साधनंविनैज्ञानम्नसम्भवति**' – સાધના વિના જ્ઞાન શક્ય નથી. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ અનુશાસન, પરિશ્રમ અને સમર્પણના સિદ્ધાંતોને પ્રોત્સાહિત કરે છે. ઉદાહરણ તરીકે, એક વ્યવસ્થાપક જો સ્નેહપૂર્વક માર્ગદર્શન આપે અને પોતાની પ્રતિબદ્ધતાને પ્રામાણિકતાપૂર્વક નિભાવતો રહે, તો તે પ્રભાવશાળી બની શકે.

16. **ભગવદ્પાસ્યભાષ્ય** : શંકરાચાર્યે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ગીતા પર લખેલા ભાષ્યો દ્વારા અદ્વૈત વેદાંતના તત્ત્વોને વિસ્તૃત સમજાવ્યા છે. '**ज्ञानंमोक्षस्यकारणम्**' – જ્ઞાન જ મુક્તિનું કારણ છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ અભ્યાસ અને તર્કશક્તિ દ્વારા સત્ય સુધી પહોંચવા પ્રેરિત કરે છે. ઉદાહરણ તરીકે, એક સંચાલક જો ગહન વિચારશીલતા અપનાવે અને સંપૂર્ણ માહિતીના આધારે નિર્ણય કરે, તો તે સંગઠનને સ્થિરતાપૂર્વક આગળ લઈ જઈ શકે.

17. **નાસીર્બંધ સ્તોત્ર** : આ ગ્રંથ બ્રહ્મ અને આત્માની એકતા પર તત્ત્વચિંતન કરાવે છે. '**नास्तिबन्धः, नचमुक्तिः**' – બંધન અને મુક્તિ દ્દષ્ટિભેદ છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ વ્યક્તિને સંજોગો અને નિર્ણયશક્તિ વચ્ચેનો સંતુલન રાખવાની કળા શીખવે છે. ઉદાહરણ તરીકે, જો એક વ્યવસ્થાપક અનિશ્ચિત પરિસ્થિતિઓમાં ભયને નિયંત્રિત કરી શકે, તો તે વધુ સશક્ત બની શકે.

18. **ઉપદેશ-સાહસ્રી** : ઉપદેશ-સાહસ્રી શંકરાચાર્ય રચિત ગ્રંથ છે, જે પ્રકરણ અને પદ્ય રૂપે અદ્વૈત તત્ત્વનું વર્ણન કરે છે. '**सत्यंब्रह्म**' – બ્રહ્મ જ સત્ય છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ જીવનની અનિત્યતા સમજીને સ્થિરતા અને ધ્યાન તરફ પ્રયાણ કરવા માટે પ્રેરિત કરે છે. ઉદાહરણ તરીકે, વ્યવસ્થાપનમાં એક વ્યક્તિ જો ધૈર્ય અને અવકાશ દ્વારા યોગ્ય આયોજન કરે, તો તે વધુ સુદ્દઢ અને પ્રભાવશાળી બની શકે.

19. **કારોણસારમામૃત** : આ ગ્રંથ માયાના તત્ત્વ અને બ્રહ્મજ્ઞાનની સમજણ માટે મહત્વપૂર્ણ છે. '**कारणंब्रह्म**' – બ્રહ્મ જ સમગ્ર સૃષ્ટિનું કારણ છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ દેખીતી પરિસ્થિતિઓ પાછળ છુપાયેલી હકીકતને સમજવા માટે પ્રેરિત કરે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યવસ્થાપક એક પીડાદાયક સમયગાળાને અંતિમ સત્ય તરીકે નહીં જુએ, પણ તેમાંથી શીખીને નવી તકો ઉભી કરી શકે.

20. **વૈદાંત-દીપિકા** : વૈદાંત-દીપિકા વેદાંત દર્શનને સરળ ભાષામાં સમજાવતો ગ્રંથ છે. '**दीपःतमःनाशयति**' – પ્રકાશ અંધકાર નષ્ટ કરે છે. જીવન વ્યવસ્થાપનમાં, આ ગ્રંથ અસત્ય અને અવિદ્યા દૂર કરી, યથાર્થ ચિંતન તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે, જો એક સંચાલક ભ્રમ અને અપસંસ્કૃતિઓને દૂર કરીને નૈતિક અને વિવેકપૂર્ણ નિર્ણય લે, તો તે ઉત્તમ નેતૃત્વ આપી શકે.

આ ગ્રંથોના મૂલ્યો અને તેમના જીવન વ્યવસ્થાપન સાથેના સંબંધને શાસ્ત્રીય અને વ્યવહારુ રીતે માર્ગદર્શન આપે છે.

## 3.3 ભારતના પ્રમુખ ચિંતકોના વિચારો અને જીવન-વ્યવસ્થાપન માટેનો તેમનો દૃષ્ટિકોણ :

ભારતીય દાર્શનિક પરંપરામાં વેદાંત અને ઉપનિષદોના પ્રભાવને વિશેષ મહત્વ છે. આ તત્ત્વચિંતન એ માત્ર તત્ત્વજ્ઞાન સુધી મર્યાદિત નથી, પરંતુ જીવન વ્યવસ્થાના ક્ષેત્રે પણ ઉપયોગી સાબિત થાય છે. ભારતીય મહાન ચિંતકો – જેમ કે શંકરાચાર્ય, વિવેકાનંદ, ગાંધીજી, ટાગોર, કબીર, કૃષ્ણમૂર્તિ, ચાણક્ય વગેરેના વિચારોમાં વેદાંતના વિવિધ તત્ત્વો પરિલક્ષિત થાય છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં – આધ્યાત્મિકતા, શિક્ષણ, રાજનીતિ, ભક્તિ, કર્મયોગ – આ ચિંતકોના સિદ્ધાંતો આજે પણ સમકાલીન સમાજ માટે માર્ગદર્શક છે.

1. **શંકરાચાર્ય** : શંકરાચાર્યના અદ્વૈત વેદાંતના સિદ્ધાંતો જીવન વ્યવસ્થામાં આત્મસાક્ષાત્કાર અને નિષ્કામ કર્મનું મહત્ત્વ દર્શાવે છે. તેઓએ માયા અને બ્રહ્મ વચ્ચેનો ભેદ સમજાવી, વ્યક્તિત્વના અધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાનમાર્ગ દર્શાવ્યો. ભેદભાવ રહિત દૃષ્ટિકોણ અપનાવવાથી વ્યક્તિ પોતાનું ઉન્નત સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે.

2. **સ્વામી વિવેકાનંદ** : વિવેકાનંદે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સમન્વય કરીને માનવતાના સિદ્ધાંતોને જીવન વ્યવસ્થાનો આધાર બનાવ્યો. તેમના મતે, આત્મવિશ્વાસ, સેવા અને સદ્ગુણોના આધારે વ્યક્તિ સંસ્કારમય અને સશક્ત બની શકે. વેદાંતના આધારે તેમણે 'શિવ જ્ઞાને જીવ સેવા' નો મંત્ર પ્રસ્થાપિત કર્યો.

3. **માતાજી (મિરા આલ્ફાસા)** : માતાજીનું જીવન અને વિચારધારા ઉપનિષદીય ચેતનાપ્રવાહથી પ્રભાવિત હતા. તેમણે વ્યક્તિગત અને સામૂહિક આધ્યાત્મિક રૂપાંતરણ માટે આંતરિક વિકાસને પ્રાથમિકતા આપી. શ્રી અરવિંદ સાથે મળીને તેમણે 'અધ્યાત્મિક એવોલ્યુશન' નો માર્ગ દર્શાવ્યો, જે દ્વારા મનુષ્યનું સચેતન પરિવર્તન શક્ય બને.

4. **મહાત્મા ગાંધી** : ગાંધીજીએ નિષ્કામ કર્મ, અહિંસા અને સ્વસંયમના આધાર પર જીવન વ્યવસ્થાનો પ્રયોગ કર્યો. તેમણે ગીતા પરથી પ્રેરણા લઈને 'સત્ય અને અહિંસા' ને જીવનનું કેન્દ્રબિંદુ બનાવ્યું. તેમના મતે, સેવા અને ત્યાગ દ્વારા જીવનમાં શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત થઈ શકે.

5. **રવિન્દ્રનાથ ટાગોર** : ટાગોરે વેદાંતને આધારે શિક્ષણમાં આંતરિક સ્વતંત્રતા અને સર્જનાત્મકતાને મહત્ત્વ આપ્યું. તેમણે શાંતિનિકેતન મોડલ દ્વારા આધ્યાત્મિક શિક્ષણ અને સહજ જીવન પદ્ધતિનો પ્રચાર કર્યો. તેમની દૃષ્ટિએ શિક્ષણ માનવીના આંતરિક વિકાસ અને સહઅસ્તિત્વની જાગૃતિ માટે હોવું જોઈએ.

6. **સર્વપલ્લી રાધાકૃષ્ણન** : રાધાકૃષ્ણનના વિચારો વેદાંત અને જ્ઞાનયોગ પર આધારિત છે. તેઓએ શિક્ષણ અને નૈતિકતાનું જોડાણ કરીને આધુનિક સમાજ માટે વિચારધારા રજૂ કરી. તેમનું માનવું હતું કે માનવી માત્ર બૌદ્ધિક જ્ઞાનથી નહીં, પણ આત્મજ્ઞાન દ્વારા પૂર્ણ થઈ શકે.

7. **મીરાંબાઈ** : મીરાંબાઈએ ભક્તિમાર્ગ દ્વારા વૈદાંતના તત્ત્વોને પ્રસ્તુત કર્યા. ભક્તિ દ્વારા પરમાત્મા સાથેની એકતા, સમર્પણ અને ત્યાગનું દર્શન તેમના જીવનમાંથી મળે છે. તેઓએ ભક્તિમાં સમરસ થઈને વૈદાંતનો જીવંત અનુભવ કર્યો.

**8. જે. કૃષ્ણમૂર્તિ** : કૃષ્ણમૂર્તિએ અવલોકન અને સ્વચિંતન દ્વારા માનસિક મુક્તિને પ્રાથમિકતા આપી. તેઓએ પરંપરાગત માન્યતાઓથી મુક્ત થઈ, પોતાના અહમ અને સ્વયંસંગ્રહ દ્વારા તત્ત્વજ્ઞાનની અનુભૂતિ કરવાની સલાહ આપી. વેદાંતની ‘આત્મસંશોધન’ પરંપરાને તેમણે પ્રોત્સાહન આપ્યું.

**9. ચાણક્ય** : ચાણક્યએ વેદાંતના સિદ્ધાંતોને રાજકીય અને સામાજિક વ્યવસ્થામાં ઉપયોગ કર્યા. તેમણે ધર્મ, અર્થ અને નીતિનિયમોના સંયોજનથી રાષ્ટ્ર અને વ્યક્તિ વિકાસના તત્ત્વો રજૂ કર્યા. તેમના નીતિશાસ્ત્રમાં પ્રજાની સમૃદ્ધિ અને સશક્તિકરણ માટે તત્ત્વજ્ઞાન અને વહીવટી કુશળતાનું મિશ્રણ છે.

**10. કબીર** : કબીરે તત્ત્વચિંતન અને ભક્તિ દ્વારા પરમાત્મા સાથેના નિજ સંબંધ પર ભાર મૂક્યો. તેમની વાણી વેદાંતના ‘સર્વ એક છે’ સિદ્ધાંતને ઉજાગર કરે છે. તેઓએ ભક્તિમાં જ્ઞાનનો સમન્વય કરીને આધ્યાત્મિક જીવનને સરળ અને સહજ બનાવ્યો.

આ ચિંતકોના વિચારો દર્શાવે છે કે વેદાંત માત્ર સિદ્ધાંત કે શાસ્ત્રીય વાદ નથી, પરંતુ તે જીવન વ્યવસ્થાનો પાયો બની શકે છે. શંકરાચાર્યએ તત્ત્વજ્ઞાન દ્વારા આત્મસાક્ષાત્કાર પર ભાર મૂક્યો, તો વિવેકાનંદે વેદાંતને માનવસેવામાં પ્રયોગ કર્યો. ગાંધીજીએ તેને અહિંસા અને નિષ્કામ કર્મ સાથે જોડ્યું, જ્યારે ટાગોરે તેને શિક્ષણમાં સમાવવા પ્રયત્ન કર્યો. આ ચિંતકોના વિચારોમાંથી સિદ્ધ થાય છે કે વેદાંત જીવન માટે માત્ર ધ્યાન અને ત્યાગ નહીં, પણ સકારાત્મક ક્રિયાશીલતા અને માનવીય ઉન્નતિ માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. આજના યુગમાં પણ તેમના સિદ્ધાંતો વ્યવહારુ અને પ્રેરણાસભર છે.

# 4. અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિશેષ વિષયો :

## 4.1 જીવનની પ્રયોગશાળાનાં સોપાનો :

જીવન એ એક પ્રયોગશાળા છે, જ્યાં દરેક ક્ષણે નવો અનુભવ, નવી સંભાવના અને નવી શીખ મળે છે. કોઈ પણ સિદ્ધાંત કે તત્ત્વશાસ્ત્ર તેવા જ્ઞાન સુધી મર્યાદિત નથી, પણ તેને જીવનમાં પ્રયોજવામાં આવે ત્યારે જ તેનું સત્ય પ્રસ્થાપિત થાય. આ અભ્યાસક્રમ જીવનના તત્ત્વોને માત્ર ગ્રંથોમાં નહિ, પણ રોજિંદા જીવનના પ્રયોગો અને અનુભવ દ્વારા સમજવાની તક આપે છે. પરમતત્ત્વ, અસ્તિત્વ, કર્તવ્ય અને વિવેક જેવા વિષયોને ગહન તર્ક અને આધ્યાત્મિકતા દ્વારા શોધવા પ્રેરશે. અંતે, ઉદ્દેશ્ય એક જ છે – જીવનની પ્રયોગશાળામાં જીવનને વધુ અર્થસભર અને ઉન્નત બનાવવું.

❖ **પહેલું સોપાન –પરમતત્ત્વબોધ/સૃષ્ટિબોધ :**

પરમતત્ત્વ એ સનાતન સત્ય છે, જે દરેકમાં અસ્તિત્વ ધરાવે છે. પરંતુ તેનો સાક્ષાત્કાર એક અનોખી અનુભૂતિ છે. પરમતત્ત્વની કૃપા કઈ રીતે અનુભવી શકાય? શું પ્રાર્થના અને સાધનાથી આપણે પરમ શાંતિ પ્રાપ્ત કરી શકીએ? પરમ તત્ત્વને સમજવું અને તેની ઉપાસના કરવી એ જીવનમાં અંતરંગ શાંતિ અને આત્મસાક્ષાત્કાર માટેની ચાવી છે.

સૃષ્ટિ એક અજોડ રહસ્ય છે. તે કઈ રીતે સર્જાઇ? સૃજનના મૂળભૂત તત્ત્વો શું હોઈ ? જીવનમાં કઈ રીતે નવા અવસરો શોધી શકીએ? કુદરતના સિદ્ધાંતોને સમજીને, જીવનના લક્ષ્ય શ્રેષ્ઠતમ ઊંચાઈ આપી શકાય. જીવન એ એક સૃજનાત્મક

પ્રક્રિયા છે, જ્યાં દરેક વ્યક્તિ પોતાનું જીવન જીવે છે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય, તે આ અભ્યાસનો હેતુ છે.

'અધ્યાત્મ યાત્રા' (પંડિત ઓમકારનાથ), 'કોઈ સૃષ્ટિ સર્જક છે?' (દયાનંદ સરસ્વતી), 'अद्वैत वेदांत' (સ્વામી ચિન્મયાનંદ), 'सृष्टि रहस्य' (ઓશો), 'ईशोपनिषद्' (વેદવ્યાસ), 'प्रकृति तत्व विचारः' (કપિલ મુનિ), 'The Perennial Philosophy' (Aldous Huxley), 'A Universe from Nothing' (Lawrence Krauss), 'The God Delusion' (Richard Dawkins), 'The Grand Design' (Stephen Hawking), 'Man's Search for Meaning' (Viktor Frankl) આ પ્રકારના ગ્રંથોમાંથી '**પરમતત્વબોધ/સૃષ્ટિબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

### ❖ બીજું સોપાન –અવતારબોધ/ અસ્તિત્વબોધ :

મનુષ્યજન્મને સમજી લેવો એ જ જીવનનું પ્રથમ પગથિયું છે. અસ્તિત્વ અનેક પ્રશ્નો ઊભા કરે છે, પણ જવાબ આપણું જીવન જ આપે છે. સ્નેહ, કરુણા અને પરોપકાર દ્વારા જીવનને અર્થપૂર્ણ બનાવીએ તો જ મનુષ્યજીવનની સાર્થકતા સાબિત થાય. કૃતજ્ઞતા અને સાક્ષીભાવ સાથે જીવવું એ ખરો આધ્યાત્મિક વિકાસ છે.

વાસ્તવિક સ્વરૂપ નિર્દોષ અને નિર્મળ છે. જીવનમાં સહજતા અને સમાધિ સાથે જીવવું એજ શ્રેષ્ઠ સ્થિતિ છે. 'અહં બ્રહ્માસ્મિ – તત્ત્વમસિ' એ સાક્ષાત્ જીવનનો પરમ સિદ્ધાંત છે. કુતૂહલભાવ અને સહજતાથી આપણે જીવનને એક દિવ્ય અનુભૂતિ બનાવી શકીએ. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

મનુષ્ય જીવનની મહત્તા – મોરારી બાપુ, अवतारतत्त्व-रामानुजाचार्य, दशावतारस्तोत्रम्-जयदेव, Thus Spoke Zarathustra – Friedrich Nietzsche, The Hero with a Thousand Faces – Joseph Campbell, Beyond Good and Evil – Friedrich Nietzsche, હું કોણ છું? – નિશ્રેણી તપોવન, मैं कौन हूँ? – रमण महर्षि, Being and Nothingness – Jean-Paul Sartre, The Myth of Sisyphus – Albert Camus, The Republic – Plato. આ પ્રકારના ગ્રંથોમાંથી '**અવતારબોધ/અસ્તિત્વબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

### ❖ ત્રીજું સોપાન – માધ્યમબોધ :

શરીર એ જ આત્માનું શક્તિશાળી સાધન છે. આપણું જીવન આપણા વિચારોનું પરિબળ છે. 'જેસો વિચાર વેસું જીવન' – આપણે કેવી રીતે વિચારીએ અને જીવન જીવીએ એ અંતે આપણું ભવિષ્ય ઘડે છે. સ્નેહભર્યા સંબંધો આપણા વ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

યોગ અને શારીરિક સાધના – વિવેકાનંદ, स्वास्थ्य और साधना–आचार्य महाप्रज्ञ, हठयोग प्रदीपिका–स्वात्माराम, The Doors of Perception – Aldous Huxley, The Embodied Mind – Francisco Varela આ પ્રકારના ગ્રંથોમાંથી '**માધ્યમબોધ**'નું અધ્યયન શક્ય બને છે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

### ❖ ચોથું સોપાન – સિદ્ધાંતબોધ :

દરેક વ્યક્તિ અનોખી છે અને જીવનનો પોતાનો એક સિદ્ધાંત હોય છે. બધા લોકો એકસરખા કેમ થઈ શકતા નથી? દુઃખનું મૂળ અપેક્ષા છે, અને વાસ્તવિક આનંદ સ્વતંત્રતામાં છે. આપણે જે વિચારીએ છીએ, જે આચરીએ છીએ તે જ આપણું જીવન ઘડે છે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

સત્ય અને મૂલ્યો – કાકાસાહેબ કાલેલકર, सत्य के प्रयोग–महात्मा गांधी, न्यायदर्शन–गौतमऋषि, Critique of Pure Reason – Immanuel Kant, The Problems of Philosophy – Bertrand Russell, On Liberty – John Stuart Millઆ પ્રકારના ગ્રંથોમાંથી '**સિદ્ધાંતબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

## ❖ પાંચમું સોપાન – કર્તવ્યબોધ :

'કર્મણ્યેવાધિકારસ્તે' – જીવનમાં કર્મનું મહત્ત્વ છે. શ્રેષ્ઠ કાર્ય કરવું એ જ પરમકૃપાના હકદાર બનવાનું પ્રથમ પગથિયું છે. આપણે જીવનમાં કેવા સંકલ્પ લઈએ છીએ, કઈ રીતે અન્ય માટે પ્રેરક બની શકીએ છીએ અને જીવનને દીપક સમાન કેવી રીતે ઉજ્જવળ બનાવી શકીએ, એ વિચારવાનું છે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

કર્મયોગ અને ભગવદ્ ગીતા – નરેન્દ્ર શાહ, कर्म और नियति–स्वामी विवेकानंद, कर्मयोगः–महर्षि पतंजलि, Groundwork of the Metaphysics of Morals – Immanuel Kant, Meditations – Marcus Aurelius, Ethics – Baruch Spinoza આ પ્રકારના ગ્રંથોમાંથી '**કર્તવ્યબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

## ❖ છઠ્ઠું સોપાન – દૃષ્ટિબોધ :

સમય અનંત છે, પણ એનો શ્રેષ્ઠ અને સૌથી ખરાબ તબક્કો કયો? શું કરવું અને શું ટાળવું? શું કરવું એ જેટલું મહત્ત્વનું છે, એટલું જ શું ન કરવું એ પણ છે. સાચી દૃષ્ટિ અને સતત જાગૃતિ જ જીવનને સાચી દિશા આપી શકે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

સકારાત્મક દૃષ્ટિ – દાદાશ્રી, सही दृष्टिकोण–ओशो, योगसूत्राणि–पतंजलि, The Art of War – Sun Tzu, The Prince – Niccolò Machiavelli, Metaphysics – Aristotle આ પ્રકારના ગ્રંથોમાંથી '**દૃષ્ટિબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

## ❖ સાતમું સોપાન – નિર્માણબોધ :

આપણે જે સર્જન કરીએ છીએ તે જ આપણું અસ્તિત્વ બને છે. સફળતા અને નિષ્ફળતા, આદર અને તિરસ્કાર – બધું આપણા સર્જન અને પ્રયત્નો પર આધાર રાખે છે. શ્રેષ્ઠતા માટે તત્પર રહેવું એ જ સત્યપથ છે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

સર્જન અને સમૃદ્ધિ – ગુંજ રાવલ, निर्माणशक्ति–सद्गुरु, शिल्पशास्त्र–विश्वकर्मा, Antifragile – Nassim Nicholas Taleb, The Fountainhead – Ayn Rand, Atlas Shrugged – Ayn Rand, આ પ્રકારના ગ્રંથોમાંથી '**નિર્માણબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

## ❖ આઠમું સોપાન – સમષ્ટિબોધ :

જીવનની એકતા સમજવી અને સમાનુભૂતિથી દુનિયાને જોવી, એ જ સહજીવનનો મર્મ છે. જવાબદારી કોની? માત્ર વ્યક્તિગત લક્ષ્યો પૂરતાં નથી, પણ સમાજ માટે પણ આપણે કેટલું યોગદાન આપીએ છીએ એ પણ મહત્વનું છે. એકતા

અને સહકાર દ્વારા સમૂહને ઉન્નત કરવાની તકો શોધવી જોઈએ. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

એકતા અને સમાનુભૂતિ – મોરારી બાપુ, सामूहिक चेतना–पं. श्री राम शर्मा आचार्य, लोकहिताय–महोपनिषद्, The Wealth of Nations – Adam Smith, Sapiens: A Brief History of Humankind – Yuval Noah Harari, The Social Contract – Jean-Jacques Rousseau, આ પ્રકારના ગ્રંથોમાંથી '**સમષ્ટિબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

### ❖ નવમું સોપાન – વિવેકબોધ :

મન નિત્ય પરિવર્તનશીલ છે. તેને સમજવું અને સંયમમાં રાખવું એજ વિવેક છે. ક્યારે છોડવું અને ક્યારે સ્વીકારવું? એકનું સંતુલન બધાનું સંતુલન જ છે. મનની સ્થિરતા જ અંતિમ સુખનો માર્ગ છે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

સત્ય અને વિવેક – મોરારી બાપુ, विवेकशील जीवन–स्वामी रामकृष्ण परमहंस, विवेकचूड़ामणि–आदि शंकराचार्य, Meditations on First Philosophy – René Descartes, The Road Less Traveled – M. Scott Peck,The Denial of Death – Ernest Becker, આ પ્રકારના ગ્રંથોમાંથી '**વિવેકબોધ**'નું અધ્યયન શક્ય બને છે.

### ❖ દસમું સોપાન - મુક્તિબોધ/આનંદબોધ :

દૃષ્ટિભાવ એજ મહાન સાધના છે. પ્રતિષ્ઠા અને વ્યક્તિગત અહંકાર કરતા સમર્પણ વધારે મહત્ત્વનું છે. 'મેરા મુઝમેં કુછ નહીં' – આ ભાવનાથી જીવનમાં પરમ શાંતિ અને મુક્તિ પ્રાપ્ત થાય.

સ્થિતપ્રજ્ઞતા એટલે શાંત અને સ્થિર ચિત્ત. પોતાને ઓળખવું એટલે પરમસત્તાને ઓળખવી. પરમ આનંદ કેવી રીતે પ્રાપ્ત થાય? પરમ આનંદ એ કોઈ લક્ષ્ય નથી, પણ તે એક અવસ્થા છે. તે અવસ્થાને પામવા માટે જીવનમાં સમતુલ્ય અને સહજતાભર્યો દૃષ્ટિકોણ રાખવો જરૂરી છે. આ સોપાનમાં પ્રસ્તુત બોધનો જીવનમાં આવિર્ભાવ થાય તે આ અભ્યાસનો હેતુ છે.

મુક્તિનો માર્ગ – અક્ષર મુક્તાનંદ, मोक्ष की ओर–श्री रमण महर्षि, कैवल्यउपनिषद्–वेदव्यास, The Tao Te Ching – Lao Tzu, The Way of Zen – Alan Watts, Freedom from the Known – Jiddu Krishnamurti, પરમ આનંદની પ્રાપ્તિ – શ્રી રંગ અવધૂત, आनंद की खोज–ओशो, सदानंदसूत्रम्–आदि शंकराचार्य, Happiness Hypothesis – Jonathan Haidt, Flow: The Psychology of Optimal Experience – Mihaly Csikszentmihalyi, The How of Happiness – Sonja Lyubomirsky

## 4.2 વિશ્વના પ્રસિદ્ધ ચિંતકોના વિચારો તથા જીવન વ્યવસ્થાપન માટેનો તેમનો દૃષ્ટિકોણ :

**1. સોક્રેટિસ (ગ્રીસ)** – સોક્રેટિસે આત્મજ્ઞાન પર ભાર મૂક્યો અને જીવનના ઉદ્દેશ્ય માટે તત્ત્વચિંતન આવશ્યક માન્યું. તેમની 'Know Thyself' સંકલ્પનાએ ઉપનિષદોની આત્મસાક્ષાત્કાર પરંપરાને સજીવ કરી. જીવન વ્યવસ્થાપન માટે સત્યશોધન, નૈતિકતા અને વિચારશક્તિને મહત્વ આપીને તેમણે તર્કબદ્ધ જીવનશૈલી વિકસાવવા પ્રોત્સાહન આપ્યું. તેમના સિદ્ધાંતો જીવન-વિકાસમાં સહયોગી બને તેવો હેતુ છે.

**2. પ્લેટો (ગ્રીસ)** – પ્લેટોએ ‘Idea of Forms’ દ્વારા પરમસત્યનો સિદ્ધાંત આપ્યો, જે અદ્વૈત વેદાંતના બ્રહ્મ સિદ્ધાંત સાથે ભળી શકે. જીવન વ્યવસ્થાપનમાં તેમણે વિવેકપૂર્ણ શાસન, નૈતિકતા અને જ્ઞાનપ્રાપ્તિને પ્રોત્સાહન આપ્યું. તેમની ‘The Republic’ રચનાએ આદર્શ રાજ્ય અને માનવીય દાયકાની સમજણ આપી. તેમના સિદ્ધાંતો જીવન-વિકાસમાં સહયોગી બને તેવો હેતુ છે.

**3. પ્લોટીનસ (રોમ)** – નીઓ-પ્લેટોનિઝમના પ્રણેતા પ્લોટીનસે આત્મા અને પરમસત્તા વચ્ચેના એકતાને સમજાવ્યું, જે ઉપનિષદોની બ્રહ્મ-આત્મા એકતાથી પ્રભાવિત છે. જીવન વ્યવસ્થાપનમાં તેમનો યોગદાન આધ્યાત્મિક ઉન્નતિ અને અધ્યાત્મમાર્ગ દ્વારા શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવા પર હતો. તેમના સિદ્ધાંતો જીવન-વિકાસમાં સહયોગી બને તેવો હેતુ છે.

**4. ઇમેન્યુઅલ કાંટ (જર્મની)** – કાંટે ‘Noumenon’ અને ‘Phenomenon’ ની ભેદરેખા દ્વારા માયા અને બ્રહ્મ સિદ્ધાંત સાથે સુમેળ રાખ્યો. જીવન વ્યવસ્થાપનમાં તેમણે તર્ક, નૈતિકતા અને માનવીય સ્વતંત્રતાની મહત્વતાને હંમેશા ઉકેલવા પ્રયાસ કર્યો, જે વેદાંતના યથાર્થ અને સંસારના ભેદ સાથે સંકળાય છે. તેમના સિદ્ધાંતો જીવન-વિકાસમાં સહયોગી બને તેવો હેતુ છે.

**5. આર્થર શોપનહૌર (જર્મની)** – શોપનહૌરે ઉપનિષદોથી પ્રભાવિત થઈ ‘Will to Life’ વિચાર આપ્યો, જે સંસાર અને માયા સાથે સંકળાયેલો છે. જીવન વ્યવસ્થાપનમાં તેમણે ત્યાગ, નિષ્કામ કર્મ અને ભૌતિક લાલસાથી મુક્તિનો માર્ગ બતાવ્યો, જે ઉપનિષદીય વિચારોથી પ્રેરિત છે. તેમના સિદ્ધાંતો જીવન-વિકાસમાં સહયોગી બને તેવો હેતુ છે.

**6. રાલ્ફ વાલ્ડો એમરસન (અમેરિકા)** – એમરસને વેદાંતના પ્રભાવ હેઠળ ‘ટ્રાન્સસેન્ડેન્ટલિઝમ’ વિચારધારા વિકસાવી. તેમણે સ્વતંત્ર વિચાર, પ્રકૃતિ અને આત્મજ્ઞાન પર ભાર મૂક્યો. જીવન વ્યવસ્થાપનમાં તેમણે આધ્યાત્મિક સ્વતંત્રતા, સ્વાધ્યાય અને કુદરત સાથે એકતા ધરાવવાનો માર્ગ દર્શાવ્યો. તેમના સિદ્ધાંતો જીવન-વિકાસમાં સહયોગી બને તેવો હેતુ છે.

